નં.ડીએમ/લો.સ.ચટણ/૧૬/૨૦૨૪
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, જામનગર
તા. ૨૯/૦૪/૨૦૨૪

## ગુજરાત પ્રોહીબીશન અધિનિયમ-૧૯૪૯ની કલમ-૧૪૨(૧) હેઠળનું જાહેરનામું

ભારતના ચૂંટણીપંચ દ્વારા લોકસભા સામાન્ય ચૂંટણી – ૨૦૨૪નો વિગતવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે અને તે મુજબ મતદાન તા.૦૭/૦૫/૨૦૨૪ ના રોજ યોજનાર છે. સદર ચૂંટણીમાં મતદારો નિર્ભયપણે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તથા ઉમેદવારો કે રાજકીય પક્ષો તરફથી મતદારોને પ્રલોભનરૂપે દારૂ તેમજ નશાયુક્ત પદાર્થ આપવામાં આવે નહી અને ચૂંટણીનું કાર્ય નિષ્પક્ષ રીતે પાર પડે તે માટે જિલ્લામાં આવેલ કેફી પદાર્થોનું વેચાણ કરતી (લીકરશોપ) હોટલ, રેસ્ટોરન્ટ, કલબ તથા બીજી સંસ્થાઓને દારૂનું વેંચાણ કરવા સામે મતદાન પુરૂ થવા માટે નિયત થયેલ સમય સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળા પહેલા અને મતગણતરીના દિવસ એટલે કે તા.૦૪/૦૬/૨૦૨૪ ના દિવસને “ડ્રાય ડે” તરીકે જાહેર કરવાનું મને જરૂરી જણાય છે.

-: હુકમ :-

વાસ્તે, હું, **બી.કે.પંડ્યા,** આઇ.એ.એસ. **જિલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર,** ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૧૪૨(૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ સમગ્ર જામનગર જિલ્લામાં સમાવિષ્ટ તમામ મતદાર વિભાગોમાં આવેલ:

૧. કલબ, સ્ટાર હોટલ, રેસ્ટોરન્ટ અને હોટલ જેઓને દારૂ રાખવાનું અને પુરો પાડવાનું લાયસન્સ આપવામાં આવેલ હોય,
૨. વ્યક્તિગત દારૂનો ઉપયોગ કે સંગ્રહ કરવા પરમીટ ધરાવતા વ્યક્તિઓને

તા.૦૭/૦૫/૨૦૨૪ ના રોજ મતદાન પુરૂ થવા માટે નિયત થયેલ સમયથી ૪૮ કલાક પહેલાના સમયગાળા એટલે કે તા.૦૫/૦૫/૨૦૨૪ના ૧૮.૦૦ કલાકથી થી તા.૦૭/૦૫/૨૦૨૪ના ૨૨.૦૦ કલાક સુધી અને મતગણતરીના દિવસે એટલે કે તા.૦૪/૦૬/૨૦૨૪ ના દિવસે (મત ગણતરી પૂર્ણ થાય અને પરિણામ જાહેર થાય ત્યાં સુધી) દારૂ વેચાણ કરવા/પીરસવા પર પ્રતિબંધ ફરમાવું છું અને આ સમયગાળાને “ડ્રાય ડે” તરીકે જાહેર કરવા હુકમ કરુ છું.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિં, પ્રોહિબીશન કાયદા ઉપરાંત ગુજરાત પોલીસ એકટની કલમ-૧૩૫ તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાત્મક કાર્યવાહીને પાત્ર ઠરશે.

આજ તા. માહે: એપ્રિલ- ૨૦૨૪ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિદ્ધ કર્યો.

Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર (જિલ્લો)
સત્યમેવ જયતે
ગુજરાત રાજ્ય
Jamnagar District

(બી. કે. પંડ્યા)
જિલ્લા મેજીસ્ટ્રેટ
જામનગર

નકલ રવાના:-

૧) જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર
૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામગનર
૩) પોલીસ અધિક્ષકશ્રી, જામનગર

... સદરહુ હુકમની તાબાના પોલીસ સ્ટેશને જાણ કરવા તથા હુકમની જાહેરત લાઉડ સ્પીકરવાળા વાહનો દ્વારા કરાવીને જાહેર સ્થળોએ તેની નકલો ચોંટાડીને બહોળી પ્રસિદ્ધિ કરાવવી તેમજ જિલ્લાના

તમામ પોલીસ સ્ટેશન અધિકારીઓને આ જાહેરનામા મુજબ સુનિશ્ચિત કરવા જરૂરી કાર્યવાહી કરવા તથા તમામ પોલીસ સ્ટેશનોની માહિતી એકત્ર કરી અહેવાલ મોકલવા સારુ.

૪) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર (શહેર/ગ્રામ્ય),લાલપુર,ધ્રોલ

૫) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૬-કાલાવડ (અ.જા) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, ધ્રોલ

૬) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૭-જામનગર (ગ્રામ્ય) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, જામનગર (ગ્રામ્ય)

૭) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૮-જામનગર ઉત્તર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, જામનગર (શહેર)

૮) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૯-જામનગર દક્ષિણ વિધાનસભા મતદાર વિભાગ અને જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, જામનગર

૯) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૮૦-જામજોધપુર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, લાલપુર.

૧૦) વિભાગીય પોલીસ અધિકારીશ્રી,જામનગર(શહેર/ગ્રામ્ય)

૧૧) મામલતદારશ્રી, જામનગર (શહેર/ગ્રામ્ય)/કાલાવડ/લાલપુર/જામજોધપુર/ધ્રોલ/જોડીયા

૧૨) થાણા ઇન્ચાર્જશ્રી, ........................ પો.સ્ટેશન, જી.જામનગર (તમામ)

૧૩) નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર

... સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિદ્ધિ અપાવવા વિનંતી સહ.

૧૪) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ

... રાજ્યના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિદ્ધિ અપાવી તેની પાંચ નકલો અત્રેને મોકલી આપવા વિનંતી સહ.

૧૫) માન્ય રાજકીય પક્ષો (મારફતે : નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર)

૧૬) અધિક્ષકશ્રી, નશાબંધી અને આબકારી વિભાગ, જામનગર

... જરૂરી અમલવારી કરવા સારુ.

નકલ સવિનય રવાના:-

૧) મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી,
ગુજરાત રાજ્ય, સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર

૨) નાયબ સચિવશ્રી,
ગૃહ વિભાગ, ગુજરાત સરકાર,
સચિવાલય, ગાંધીનગર

૩) રજીસ્ટ્રારશ્રી,
નામ. ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજશ્રીની કોર્ટ, જામનગર.

Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર (જિલ્લો)
સત્યમેવ જયતે
ગુજરાત રાજ્ય
Jamnagar District